# ભારતમાં સામાજિક ન્યાય : સિદ્ધાંત અને વાસ્તવિકતા

**ડો.અશોકકુમાર બી.પુરોહિત**
રાજ્યશાસ્ત્ર વિભાગ,
એમ.એ.પરીખ આર્ટ્સ એન્ડ ફાઇન આર્ટ્સ કોલેજ,પાલનપુર

**સારાંશ**

*સામાજિક ન્યાય એ લોકશાહી વિચારધારા અને શાસન વ્યવસ્થાનો હાર્દરૂપ ખ્યાલ છે. સમાજમાં રહેતા દરેક નાગરિકને રાજકીય અધિકારો ઉપરાંત આર્થિક અને સામાજિક અધિકારો પણ પ્રાપ્ત થવા જોઇએ.સમાજમાં શાંતિ,સલામતી અને વિકાસ માટે સામાજિક ન્યાય પ્રસ્થાપિત થાય તે મહત્વની બાબત છે.સામાજિક ન્યાય એ તંદુરસ્ત સામાજિક વિકાસની પૂર્વ શરત છે. સામાજિક ન્યાયનો સિદ્ધાંત જ્ઞાતિ, ધર્મ, પ્રદેશ, ભાષા, લિંગ વગેરે જેવી સંકિર્ણ બાબતોને આધારે ભેદભાવ રાખ્યા સિવાય તમામ નાગરિકોને સમાન અને ન્યાયી ધોરણે ભૌતિક,આર્થિક,સામાજિક,રાજકીય વગેરે લાભ મળવા જોઇએ.સમાજના મૂલ્યો, સેવાઓ, સંપતિ, તક, દરજ્જો વગેરેનું તમામ નાગરિકોમાં સમાન અને ન્યાયી ધોરણે વિતરણ થવું જોઇએ તે બાબત પર ભાર મૂકે છે. સમાજના વંચિત, શોષિત, પીડિત, દમિત વગેરે તમામ વર્ગોનું કલ્યાણ અને ઉત્કર્ષ થવા જોઇએ. ભારતમાં આઝાદીના આટલા વર્ષો બાદ પણ તમામ નાગરિકોને અપેક્ષિત સામાજિક ન્યાય મળ્યો નથી તે વાસ્તવિકતા છે. ગરીબી, બેરોજગારી, નિરક્ષરતા, ભૂખમરો, કૂપોષણ, શોષણ, બાળમજૂરી, આર્થિક-સામાજિક વિષમતાઓ વગેરે સામાજિક ન્યાયના સિદ્ધાંતમાં આડે આવતા અવરોધક પરીબળો છે. પ્રસ્તુત લેખમાં સામાજિક ન્યાયનો ખ્યાલ,પ્રક્રિયા,મહત્વ અને આડે આવતા અવરોધો પરીબળોની છણાવટ કરવાનો સ્તુત્ય પ્રયાસ કરવામાં આવ્યો છે.*

**ચાવીરૂપ શબ્દો : ન્યાય, સામાજિક ન્યાય, મૂળભૂત અધિકાર, સામાજિક લોકશાહી**

## ૧. પ્રસ્તાવના

સામાજિક ન્યાય અને અધિકારો પરસ્પર ગાઢ રીતે સંકળાયેલા છે. એટલું જ નહિ પરંતુ સામાજિક ન્યાય એ અધિકારો અંતગર્ત સંકળાયેલો મહત્વનો ખ્યાલ અને પ્રક્રિયા છે. ન્યાયોચિત આધાર પર રચાયેલું સમાજનું માળખું એ સામાજિક ન્યાયનો મૂળભૂત ખ્યાલ છે. સમાજજીવનના માળખાનો આધાર સમાનતા અને ન્યાય હોય તે અભિપ્રેત છે. અધિકારોનું વ્યાપક અર્થઘટન કરીએ તો કહી શકાય કે અધિકારો એટલે વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે આર્થિક,સામાજિક, રાજકીય એમ તમામ સંદર્ભમાં હકારાત્મક પરિસ્થિતિનું નિર્માણ કરવું. સવા હકારાત્મક વાતાવરણ વિના વ્યક્તિ પોતાનો શ્રેષ્ઠ વિકાસ સાધી શકતો નથી. હકારાત્મક અને રચનાત્મક પર્યાવરણમાંજ વ્યક્તિ પોતાનામાં રહેલી ક્ષમતાઓ ઇચ્છિત દિશા અને અપેક્ષિત પ્રમાણમાં ખિલવી શકે છે. આથી લોકશાહીમાં સામાજિક ન્યાયનો સિદ્ધાંત ખૂબ જ મહત્વનો છે.સામાજિક ન્યાયના ખ્યાલનો વ્યવહારમાં અમલ કરવો એ સફળ અને પરિપકવ લોકશાહીની પૂર્વશરત છે.

## ૨. સામાજિક ન્યાય એટલે શું ?

સામાન્ય રીતે સામાજિક ન્યાય એટલે દરેક વ્યક્તિ કોઇપણ જાતના ભેદભાવનો ભોગ બન્યા વિના સમાન રીતે આર્થિક, સામાજિક અને રાજકીય અધિકારો, તકો અને દરજ્જો પ્રાપ્ત કરવા માટે હકદાર છે. સામાજિક ન્યાય એટલે સમાજમા ઉપલબ્ધ મૂલ્યો, સેવાઓ, સંપતિ વગેરેનું સમાજના વિવિધ વર્ગો વચ્ચે સમાન ધોરણે ન્યાયી વિતરણ કરવું. રાજ્યનું આ મહત્વનું કાર્ય છે. આથી જ ડેવિડઇસ્ટને કહ્યું છે કે "રાજકારણ એટલે મૂલ્યોની બંધનકર્તા ફાળવણી". સમાજમાં અનેક વર્ગો અને જૂથો અસ્તિત્વ ધરાવતા હોય છે. સમાજમાં ગરીબો, દિવ્યાંગો, વૃધ્ધો, વિધવાઓ, ત્યક્તાઓ વગેરે પણ જોવા મળે છે.સમાજમાં પ્રવર્તતા ભેદભાવો જેવા કે જ્ઞાતિ, જાતિ, ધર્મ, સંપ્રદાય, લિંગ, પ્રદેશ, ભાષા, વંશ વગેરેથી દૂર રહીને સમાન ધોરણે દરેક વ્યક્તિને પોતાનો વિકાસ કરવા માટે સમાનતક અને અધિકારો મળવા જોઇએ. કુદરતી ન્યાયના સિદ્ધાંતોના આધારે કોઇપણ જાતના

ભેદભાવ વગર દરેક નાગરિક પ્રત્યે સમાન વ્યવહાર આચરવામાં આવે અને તેને અનુરૂપ કાયદાઓનું ઘડતર અને યોગ્ય અમલીકરણ કરવામાં આવે તે બાબત અનિવાર્ય છે.

### ૩. સામાજિક ન્યાયના પાયાના તત્વો*[૧]

હોબ હાઉસે પોતાના પુસ્તકમાં સામાજિક ન્યાયના પાયાના તત્વો આ પ્રમાણે વર્ણવ્યા છે.

(૧) સંસ્થાઓ એ સાધ્ય નહિ પરંતુ સાધન છે.રાજકારણ નીતિમતાને આધિન છે.

(૨) સામાન્ય હિત અને વ્યક્તિગત હિત એક બીજાનો વિરોધ કરી શકે નહિ.

(૩) નૈતિક સ્વાતંત્ર્ય

(૪) સામાજિક અને રાજકીય સ્વાતંત્ર્ય

(૫) સમાનતા

(૬) વૈયક્તિક ન્યાય

(૭) સમાન કામ, સમાન વેતન

(૮) સંપતિની યોગ્ય વહેંચણી

(૯) સંપતિના સામાજિક અને વ્યક્તિગત પરીબળો

(૧૦) વ્યક્તિગત સંગઠન

(૧૧) લોકશાહી

### ૪. સામાજિક ન્યાયનું મહત્ત્વ

સામાજિક ન્યાયના સિધ્ધાંતનું પ્રસ્થાપન કર્યા સિવાય તંદુરસ્ત સમાજનું નિર્માણ કરી શકાય નહી. સામાજિક વિકાસ માટે સામાજિક ન્યાય ખૂબ જ મહત્ત્વનો છે. સમાજમાં શાંતિ અને સંવાદિતા સ્થાપવા માટે સામાજિક ન્યાય ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. દરેક સમાજમાં વિવિધ પ્રકારના વર્ગો અને જૂથો અસ્તિત્વ ધરાવતા હોય છે અને આવા વર્ગો વચ્ચે શાંતિ, સુલેહ, સલામતી, સદ્ભાવના, સહકાર અને સંવાદિતા જળવાય તે જરૂરી છે. સમાજમાં સામાન્ય નાગરિકો ઉપરાંત અનાથ બાળકો, વિધવા, ત્યક્તા સ્ત્રીઓ, ગરીબો, વિકલાંગો વગેરે પણવસતા હોય છે. આવા વર્ગોનું કલ્યાણ થાય તે બાબત પણ મહત્ત્વની છે. સમાજના મહત્તમ લોકોનું મહત્તમ શ્રેય થાય તે આવશ્યક છે.અને આવાલાકોનો ઉત્કર્ષ કરવો એ રાજ્યની ફરજ બની રહે છે. સામાજિક ન્યાયનો અભાવ કે અવગણના સમાજમાં અશાંતિ, હિંસા, દમન, અંધાધૂધી અને અરાજકતાની પરિસ્થિતિનું નિર્માણ કરે છે.જે પરિસ્થિતિ કોઇપણ સમાજ માટે ઈચ્છનીય નથી. સમાજમાં શાંતિ અને પરસ્પર સંવાદિતા તથા સહકારથી જ સામાજિક વિકાસ આગળ ધપે છે. અને રાષ્ટ્રની પ્રગતિ થાય છે. રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયા વધુ મજબૂત બને છે.સામાજિક ન્યાયના સિધ્ધાંતનો અમલ કરવાથી સમાજમાં કાયદાનું શાસન પ્રસ્થાપિત થાય છે.

લોકશાહી અને સામાજિક ન્યાયપરસ્પર ગાઢ રીતે સંકળાયેલા છે. બીજા શબ્દોમાં કહી એ તો સામાજિક ન્યાય એ લોકશાહીનો આધારસ્તંભ છે. માત્ર રાજકીય લાકશાહીની સ્થાપના કરવાથી લોકશાહી સફળથતી નથી. રાજકીય લોકશાહીની સફળતા માટે સામાજિક અને આર્થિક લોકશાહીની સ્થાપનાથવી અનિવાર્ય છે. સામાજિક અને આર્થિક સિધ્ધાંતોનો સાચા અર્થમાં અમલ કરવાથી જ લોકશાહી પરિપૂર્ણ અને સફળ બને છે.

સામાજિક લોકશાહીના પાયાના સિધ્ધાંતો જેવાકે વ્યક્તિનું ગૌરવ, દરેક નાગરિકને તક અને દરજ્જાની સમાનતા, જ્ઞાતિ, ધર્મ, લિંગ વગેરેના આધારે ભેદભાવોનો અભાવ વગેરે પ્રસ્થાપિત થવા જોઇએ. આર્થિક સિધ્ધાંતોની વાત કરીએ તો આવકની અસમાનતાનું પ્રમાણ ઘટાડવું, કુદરતી સ્ત્રોતો અને સંપતિની સમાન વહેંચણી, લોકોની પ્રાથમિક જરૂરિયાતો સંતોષવી વગેરે ગણાવી શકાય. આર્થિક સ્વતંત્રતા અને સમાનતાની પ્રાપ્તિ દરેક વ્યક્તિને થાય તે અનિવાર્ય છે. આર્થિક વૃધ્ધિ અને વિકાસનો લાભ સમાજના તમામ નાગરિકને મળવો જોઇએ.

અત્રે ઉલ્લેખ કરવો ઘટે કે મૂળભૂત અધિકારો અને સામાજિક ન્યાયપરસ્પર વિરોધી નહિ પરંતુ એક બીજાના પૂરક છે. વ્યક્તિ અને સમષ્ટિ એક બીજાના પૂરક છે. વ્યકિતગત હિતનો સમષ્ટિગત હિતથી અલગ વિચારકરી શકાય નહિ. વ્યક્તિ એ સમાજનો

અંતર્ગત ભાગ જ છે. વ્યક્તિ એ સમાજનું અભિન્ન અંગ છે. પશ્ચિમમાં વ્યક્તિવાદ વિરુધ્ધ સમાજવાદી વિચારધારાનો જન્મ થયો તેમજ વ્યક્તિ અને સમાજ ભિન્ન હોય તે પ્રકારનું ચિત્ર રજૂ થયું. વ્યક્તિ અને બજારને સ્વતંત્ર છોડી દેવા પર ભાર મૂકવામાં આવ્યો. વ્યક્તિના જીવનમાં રાજયના ન્યૂનતમ હસ્તક્ષેપની ઉદારમતવાદી ચિંતકો દ્વારા ભારે હિમાયત કરવામાં આવી. પરંતુ કહી શકાય કે તે એકાંગી ચિંતન હતું કારણ કે વ્યકિતનો સમાજથી પૃથ્થ રીતે વિચાર કરી શકાય નહીં. મૂળભૂત અધિકારો અને સામાજિક ન્યાય વચ્ચે સંઘર્ષ નહિ પરંતુ સમન્વય અને સહકાર સ્થાપવો જોઇએ. સામાજિક ન્યાયની સ્થાપના વિના વ્યક્તિ સાચા અર્થમાં નાગરિક અને રાજકીય અધિકારો ભોગવી શકતો નથી.

## ૫. ભારતમાં સામાજિક ન્યાય અને બંધારણીય જોગવાઇ

સામાજિક ન્યાય એ ભારતીય બંધારણનું સત્વ છે.ભારતીય બંધારણમાં કોઇપણ જાતના ભેદભાવ આચરવા પર પ્રતિબંધ, વિશેષાધિકારોની ગેરહાજરી, દરેક પ્રત્યે સમાન વ્યવહાર, શોષણમાંથી મુક્તિ વગેરે લોકશાહી મૂલ્યો અપનાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે.બંધારણના ઘડવૈયાઓ એ ભારતને કલ્યાણ રાજ્ય બનાવવાની નેમ રાખી હતી. બંધારણના આમુખ, મૂળભૂત અધિકારો, રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતોમાં કલ્યાણ રાજ્યની ભાવના અને આદર્શો વ્યક્ત થયા છે.

આમુખમાં સામાજિક ન્યાય આ પ્રમાણેના શબ્દો દ્વારા અભિવ્યક્ત થાય છે.

"તેના તમામ નાગરિકો માટે : સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય, વિચાર, અભિવ્યકિત, માન્યતા, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા, દરજ્જા અને તકની સમાનતા, પ્રાપ્ત થાય તેમ કરવાનો અને તેમનામાં વ્યકિતનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતાની ખાતરી આપતી બંધુતા વિકસાવવાનો ગંભીરતાપૂર્વક નિર્ણય કરીને,"

## ૬. મૂળભૂત અધિકારોમાં વ્યક્ત થતો સામાજિક ન્યાય

કાયદા સમક્ષની સમાનતા અથવા સમાનતાનો અધિકાર ( અનુ.૧૪)
ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ અથવા જન્મસ્થાનનાં કારણોસર ભેદભાવ પર પ્રતિબંધ (અનુ.૧૫)
(૧) ઉપરોક્ત કારણોસર ભેદભાવ પર પ્રતિબંધ
(૨) જાહેર સ્થળો વગેરેમાંભેદભાવ વિના પ્રવેશનો અધિકાર
(૩) સ્ત્રીઓ અને બાળકો માટે ખાસ જોગવાઇ
(૪) પછાત વર્ગો માટે ખાસ જોગવાઇ

જાહેર રોજગારીની બાબતોમાં તકની સમાનતા (અનુ.૧૬)
અસ્પૃશ્યતાની નાબૂદી (અનુ.૧૭)
Abolition of Untocnability Untocnability offence Act,1955
Protection of Civil Rights Act,1955

શોષણ વિરૂધ્ધનો અધિકાર ( અનુ.૨૩ અને ૨૪ )
આ અધિકાર મનુષ્ય વેપાર, વેઠ અને બળજબરીપૂર્વક કરાવાતી અન્ય કોઇપણ પ્રકારની મજૂરી પર પ્રતિબંધ મૂકે છે.(અનુ.૨૩) રાજ્ય, ધર્મ, જાતિ, જ્ઞાતિ, વર્ગ કે તેમાંના કોઇ કારણસર સેવા કરવામાં ભેદભાવ રાખી શકશે નહિ. ચૌદ વર્ષથી નીચેના બાળકોને કોઇ કારખાના,ખાણ કે અન્ય કોઇ જોખમકારક વ્યવસાયમાં રાખી શકાય નહિ.(અનુ.૨૪)

## ૭. રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતામાં વ્યક્ત થતો સામાજિક ન્યાય

લોકોના કલ્યાણની વૃધ્ધિ માટેની સમાજવ્યવસ્થા રાજ્ય સિધ્ધ કરશે. (અનુ.૩૮)
સમાન ન્યાય અને મફત કાનૂની સહાય (અનુ.૩૯ એ ) અનૂસૂચિત જાતિ, અનસૂચિત જન જાતિ અને અન્ય નબળા વર્ગોનાં શૈક્ષણિક અને આર્થિક હિતોની ઉન્નતિ (અનુ.૪૬) પોષણનું સ્તર અને જીવન ધોરણ ઉચું લાવવાની અને જાહેર આરોગ્ય સુધારવાની રાજ્યની ફરજ (અનુ.૪૭)

મૂળભૂત ફરજો અનુ.૫૧-ક(ઈ)

"ધાર્મિક,ભાષાકીય,પ્રાદેશિક અથવા વિભાગીય મતભેદોથી પર રહીને ભારતના તમામ લોકો વચ્ચે સંવાદિતા સ્થાપવાની તથા ભ્રાતૃભાવની ભાવના કેળવવાની; અને સ્ત્રીઓના ગૌરવને હાનિકારક વ્યવહારોનો ત્યાગ કરવાની;"

ભારતનું બંધારણ એ આદર્શ બંધારણ છે.બંધારણમાં લોકશાહી મૂલ્યો અને માનવ જીવનના ઉચ્ચ આદર્શો રજૂ થયા છે. આમ, છતાં એ બાબતનો ઉલ્લેખ કરવો ઘટેકે આઝાદીના આટલા વર્ષો બાદ પણ સામાજિક ન્યાયનો સિધ્ધાંત વ્યવહારમાં ચરિતાર્થ કરી શકાયો નથી તે વાસ્તવિકતા છે.

## ૮. ભારતમાં મૂળભૂત અધિકારો અને સામાજિક ન્યાય સામેના મુખ્ય પડકારો

ગરીબી એ ભારત માટે અભિશાપ છે.ભારતમાં આર્થિક વૃધ્ધિ અને વિકાસ ઠીક ઠીક પ્રમાણમાં થયો હોવા છતાં ૩૫ થી ૪૦ ટકા લોકો ગરીબીની રેખા હેઠળ જીવી રહયા છે. લોકો બેરોજગારીની સમસ્યાનો સામનો કરી રહયા છે. યુવાનો બેરોજગારીની ગર્તામાં ધકેલાઇ રહયા છે. શિક્ષિત બેરોજગારી એ ચિંતાનો વિષય છે. બે ટંક ભોજનની ચિંતામાં રહેનારો વર્ગ નિરાશા અનુભવે તે સ્વભાવિક છે. હતાશા એ ભારતનો રાજરોગ બની રહયો હોય તેમ લાગે છે.લોકો આર્થિક અને સામાજિક અસલામતીની ભાવનાથી પીડાઇ રહયા છે. બંધારણમાં શોષણ વિરોધી અધિકાર આપવામાં આવ્યો હોવા છતાં ભારતમાં સ્ત્રીઓ અને બાળકોનું શોષણ અટકયું નથી.બાળ મજૂરીનું પ્રમાણ વધી રહયું છે.બાળકોમાં કુપોષણની સમસ્યા ચિંતાજનક છે. આર્થિક વૃધ્ધિ અને વિકાસનો લાભ સમાજના બધા લોકોને મળવો જોઇએ પરંતુ વિકાસના ફળનો સ્વાદ બધાને ચાખવા નથી મળ્યો તે હકીકત છે.સમાજમાં આવક અને સંપતિનું ન્યાયી વિતરણ થયુ નથી.આર્થિક અસમાનતાનું પ્રમાણ ઘટવાને બદલે વધી રહયું છે.સમાજના મુઠ્ઠીભર લોકો ભૌતિક અને રાજકીય સ્ત્રોત પર ઇજારો ધરાવે છે. જ્યારે બીજી તરફ વિશાળ બહુમતી વર્ગની જીવન જીવવા માટે અંત્યંત અનિવાર્ય એવી પાયાની જરૂરીયાતો પણ સંતોષાતી નથી. સમતોલ ભૌતિક અને આર્થિક વિકાસ સાધી શકાયો નથી તે વાસ્તવિકતા છે.અને આ બાબતે સરકારે વિચારવાની તાતી જરૂરીયાત છે.આપણા દેશમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહેલ નકસલવાદની સમસ્યાના મૂળમાં આખરે અન્યાય, શોષણ અને દમન જ જવાબદાર છે. ભારતમાં સામાજિક ન્યાયની અવગણના, ઉપેક્ષા અને અભાવ ભારતીય રાષ્ટ્રની એકતા અને અખંડિતતા સામે મોટો પડકાર બની શકે તેમ છે.આથી સામાજિક ન્યાયના સિધ્ધાંત અંગે ગંભીરતાથી વિચારણા કરી, યોગ્ય નીતિ અને કાર્યક્રમો ઘડી તેનું અસરકારક રીતે અમલીકરણ કરવામાં આવે તે ભારતીય લોકશાહી રાષ્ટ્રના હિતમાં છે.

## સંદર્ભ

1. Hantal Bhimasen, Social Justice: 7 Theories of Social Justice–Explained!, http://www.yourarticlelibrary.com ,12-06-2017
2. The Constitution of India, Ministry of Law and Justice, Government of India, New Delhi,2007